શ્રી

સ્થાવર મિલકતનો વેચાણ દસ્તાવેજ

₹ ................./- પુરાનો

---------------

આજ તારીખ / /૨૦૧૭ને વારનારોજ તમો વેચાણ દસ્તાવેજ **લખી લેનાર–**

**એકપક્ષવાળા :**

........

રહે.

(જેમને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં **"તમો"** અથવા **"વેચાણ લેનાર"** અથવા **"એકપક્ષવાળા"** એ રીતે સંબોધવામાં આવેલા છે. સદર સંબોધનનાં અર્થમાં લખી લેનાર તથા તેઓના વંશ, વાલી, વારસો ઇત્યાદી તમામનો સમાવેશ થયેલો ગણવામાં આવશે)

જોગ, અમો વેચાણ દસ્તાવેજ **લખી આપનાર–બીજાપક્ષવાળા :**

૧. નરેશભાઇ ભીખાભાઇ પટેલ, ઉ.વ.આ.૫૦, ધંધો ખેતી,
રહે. વાડી, સોની પોળ નં. ૧, વાડી, વડોદરા.

૨. દેવીકાબેન તે ભીખાભાઇ મોતીભાઇ પટેલની દીકરી અને મફતભાઇ છગનલાલ ગાંધીની પત્ની, ઉ.વ.આ. ૪૬, ધંધો ઘરકામ,
રહે. ૧૦, રેડપાર્ક સોસાયટી, માંજલપુર, વડોદરા. નંબર ૨ ના કુલમુખત્યાર નરેશભાઇ ભીખાભાઇ પટેલ, ઉ.વ.આ.૫૦, ધંધો ખેતી, રહે. વાડી, સોની પોળ નં. ૨, વાડી, વડોદરા.

(જેમને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં **"અમો"** અથવા **"વેચાણ આપનાર"** અથવા **"બીજાપક્ષવાળા"** એ રીતે સંબોધવામાં આવેલ છે. સદર સંબોધનનાં અર્થમાં વેચાણ આપનાર તથા તેઓના વંશ, વાલી, વારસો, એટર્ની ઇત્યાદી તમામનો સમાવેશ થયેલો ગણવામાં આવશે)

**સંમતિ આપનાર : ડેવલોપર્સ : ત્રીજાપક્ષવાળા :**

શ્રી હરી ડેવલોપર્સ (PAN No.- ACVFS 6232 P) એ નામની ભાગીદારી પેઢીના વહીવટકર્તા ભાગીદાર..

હિતેષ ચંદ્રવદન પરીખ,ઉ.વ.આ. ૫૩, ધંધો વેપાર,

રહે. ૨૦, રીવેરા–૨, બ્રાઇટ સ્કુલ પાછળ, વાસણા–ભાયલી રોડ, વડોદરા.

(જેમને હવે પછી આ વેચાણ દસ્તાવેજ **"સંમતિ આપનાર"** અથવા **"ડેવલોપર્સ"** અથવા **"ત્રીજાપક્ષવાળા"** એ રીતે સંબોધવામાં આવેલ છે. સદર સંબોધનનાં અર્થમાં સંમતિ આપનાર

Scanned by CamScanner

ભાગીદારી પેઢીના હાલના તથા તેના વખતો-વખતના ભાગીદાર, એક્ઝીક્યુટર્સ, એડમીનીસ્ટ્રેટર્સ, લીગલ એસાઇનીસ, એટર્નીસ ઇત્યાદી તમામનો સમાવેશ થયેલો ગણવામાં આવશે)

અમો ત્રીજાપક્ષવાળાને રજીસ્ટર બાનાખત નંબર ૫૫૦૦ તારીખ ૯.૭.૨૦૧૫થી કરી આપેલ હોઇ સંમતી આપનાર તરીકે દાખલ થયેલાં છે.

જત, અમો લખી આપનાર-બીજાપક્ષવાળા તથા સંમતિ આપનાર-ત્રીજાપક્ષવાળા તમો લખી લેનાર-એકપક્ષવાળાને અમારી રાજીખુશીથી આ **વેચાણ દસ્તાવેજ** લખી આપીએ છીએ કે,

અમારી નીચે પરિશિષ્ટમાં જણાવેલી સ્થાવર મિલકત તમોને ₹ ................../- પુરા (શબ્દમાં રૂપિયા ........................................................ પુરા)માં વેચાણ આપી છે. તેનો વેચાણ અવેજ અમો બીજાપક્ષવાળા તથા ત્રીજાપક્ષવાળાને તમો એકપક્ષવાળા પાસેથી મળી ગયો છે, અને તે પહોંચ્યાનું અમો કબુલ કરીએ છીએ. સદર વેચાણ અવેજની સર્વે જવાબદારીમાંથી તમોને મુક્ત કરવામાં આવે છે, અને સદર વેચાણ અવેજના બદલામાં અમારી નીચે જણાવેલી સ્થાવર મિલકત તમોને આજરોજ વેચાણ આપી છે અને તેનો અમોએ આજરોજ પ્રત્યક્ષ કબજો આપી દીધો છે અને તમોએ આજરોજ પ્રત્યક્ષ કબજો સંભાળી લીધો છે.

**અવેજની વિગત**

₹

-----------

₹

-----------

## પરિશિષ્ટ
## વેચાણ આપેલી મિલકતનું વર્ણન

રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ વડોદરા, સબડીસ્ટ્રીકટ વડોદરા (વિભાગ-૧)માં શહેર વડોદરામાં ગાજરાવાડી પાસે વડોદરા કસ્બાના રેવન્યુ સર્વે નંબર ૧૦૨/૧, ૧૦૨/૨, ૧૦૪ અનુક્રમે માપ ૨૨૨૬, ૪૦૪૧ તથા ૬૩૭૪ મળી કુલ માપ ૧૨૬૪૭ ચોરસ મીટર છે તે પૈકી ૧૧૭૧૬.૫૦ ચોરસ મીટર છે તેનો સીટી સર્વે નંબર ૧૭૮૯, ૧૭૯૧ પડેલો છે. તેમાં **"અંબિકાધામ ડુપ્લેક્ષ"** નામની સ્કીમ મુકેલી છે તે પૈકી ....

| સબ પ્લોટ નં. | પ્લોટનું માપ ચો.મી. | કોમન રોડ તથા કોમન પ્લોટનું માપ ચો.મી. | કુલ માપ ચોરસ મી. |
|---|---|---|---|
| | | | |

તેમાં પ્લીન્થનું બાંધકામ ............... ચોરસ મીટર છે. સદર મિલ્કતની ચર્તૂઃસીમા નીચે મુજબ છે.

પૂર્વે :

પશ્ચિમે :

ઉત્તરે :

દક્ષિણે :

ઉપરના વર્ણનવાળી મિલકત વેચાણ આપેલી છે.

સદર મીલ્કતનાં અંગે ડેવલપમેન્ટ કરારની ૧% સ્ટેમ્પ ડયુટી તા. ૧૬.૦૩.૨૦૧૭, થી ભરેલી છે.

સદર જમીનનો લે-આઉટ પ્લાન વડોદરા મહાનગર સેવા સદનની રજાચીઠ્ઠી નંબર એલ-૨૨/૨૦૧૫-૨૦૧૬ તારીખ ૮.૬.૨૦૧૫ રીવાઇઝડ રજાચીઠ્ઠી નંબર વોર્ડ૩/ એલ-૩૬/ ૨૦૧૬-૨૦૧૭ થી મંજુર થયેલો છે.

સદર જમીનનો બીનખેતીનો વાપર કરવાની પરવાનગી મે. વડોદરા જીલ્લા કલેકટર સાહેબે તેમના હુકમ નંબર એન.એ./એસ.આર./૫૦/૨૦૦૬-૨૦૦૭ જમીન/ડી/વશી/૮૮૦/૨૦૦૭ તા. ૩૦.૦૪.૨૦૦૭થી મળેલ છે.

ઉપરના વર્ણનવાળો પ્લોટ/જમીન તથા તેમાનાં પ્લીન્થના બાંધકામ સાથે તથા તેને લાગતા-વળગતા તમામ પ્રકારના હક્કો સાથેની તથા તેમાં જવા-આવવાના રસ્તાના તથા પાણીના નિકાલના સર્વે પ્રકારના હક્કો સાથેની તથા તેમાંની રિધ્ધિ-સિધ્ધિ સાથેની તથા અષ્ટમાં સિધ્ધ નવેનિધ જે કાંઇ પ્રગટ થાય તે લેવાના તમામ પ્રકારના હક્કો સાથેની તથા અસલ હદ મુજબની આકાશથી તે પાતાળ સુધીની તમામ મિલકત ઉપર લખેલા રૂપિયા તમારી પાસેથી લઇને તમોને યાવતચંદ્ર દિવાકરો કુલ અભરામ ન દાવે અઘાટ વેચાણ આપી છે. તેથી સદરહુ જમીનના આજથી તમો તથા તમારા વંશ, વાલી, વારસો સર્વે સ્વતંત્ર માલિક થયા છો. અને તેનો માલિકી હક્કે વાપર, ઉપયોગ, ઉપભોગ કરવા, તેમાં રજાચીઠ્ઠી મુજબ નવીન બાંધકામ કરવા તમો તથા તમારા વંશ, વાલી, વારસો સર્વે સ્વતંત્ર માલિક થયા છો. તથા સદર જમીન તમો ગીરો, વેચાણ, બક્ષીસ કરવા તથા તમોને યોગ્ય લાગે તે રીતે વહીવટ, વ્યવસ્થા કરવા હક્કદાર અને અધિકારી છો. અને હવે આ મિલકત સાથે અમો કે અમારા વંશ, વાલી, વારસોનો કોઇનો કોઇ પણ જાતનો ભાગ, લાગ, હક્ક, હીત, સબંધ રહ્યો નથી.

આ જમીનના જે કોઇ વેરા, મહેસુલ આવે તે બધા આજથી તમો વેચાણ દસ્તાવેજ લખી લેનારે ભરવાના છે અને આજ પહેલાના જે કાંઇ બાકી હશે તો તે અમો વેચાણ દસ્તાવેજ લખી આપનારે ભરવાના છે. તથા સર્વિસ ટેક્ષ, જી.એસ.ટી. કાયદા હેઠળ જે કોઇ ટેક્ષ ભરવાનો હશે તો તે વેચાણ લેનારે ભરવાનો છે.

Scanned by CamScanner

આ દસ્તાવેજથી તમોને વેચાણ આપેલી જમીન આ લેખના આધારે તમો વેચાણ દસ્તાવેજ લખી લેનાર તમારા નામ ઉપર તમામ સરકારી–અર્ધસરકારી કચેરીઓમાં કરાવી લેવાને હક્કદાર છો અને તેમાં અમો વેચાણ દસ્તાવેજ લખી આપનારની સહી, સંમત્તી જે જે જોઇએ તે અમો તમોને કરી આપીશું. અગર ના કરી આપી શકીએ તો આ વેચાણ દસ્તાવેજથી અમારી સંમતિ ગણવાની રહેશે.

આ વેચાણ દસ્તાવેજથી તમોને વેચાણ આપેલી જમીન અમો લખી આપનારની માલિકી અને કબજા ભોગવટાની છે. અને તેમાં અમારા સીવાય બીજા કોઇનો કોઇ પણ જાતનો ભાગ, લાગ, હક્ક, હિત, સબંધ નથી. તથા તે કોઇની જપ્તીમાં નથી યા કોઇની જામીનગીરીમાં લખી આપી નથી. તથા કોઇને ગીરો, બક્ષિસ, વેચાણ કે બાનાખતમાં લખી આપી નથી તથા આ મિલકતના ટાઇટલ ચોખ્ખો અને માર્કેટેબલ છે. તેવો પાકો ભરોસો આપીને આ વેચાણ દસ્તાવેજ લખી આપેલ છે. તથા આ જમીન ઉપર કોઇનો ભરણપોષણનો બોજો નથી, તથા કોઇ દિવાની કોર્ટની જપ્તીમાં કે અવલજપ્તીમાં નથી તથા કોઇએ વળતરમાં લીધી નથી કે બીજી કોઇ પણ રીતે લખી આપી નથી, તેવો પાકો ભરોસો અને વિશ્વાસ આપી તમોને આ જમીન વેચાણ આપેલ છે. તેમ છતાં જો કોઇ પણ નાણાંકીય સંસ્થા સદર જમીન પર હક્ક, દાવો કે તકરાર કે અડચણ કરતું આવશે તો તેવી તમામ હરકતો અમો તથા અમારા વંશ, વાલી, વારસો અમારા ખર્ચે અને જોખમે તમોને દુર કરી/કરાવી આપીશું અગર ના કરાવી આપીએ અને તે તમારે દુર કરાવવાનો પ્રસંગ આવે તો તે અંગેના તમામ ખર્ચ તથા નુકસાનની તેવી સર્વે જવાબદારી અમારા શીરે રહેશે તેવી સ્પષ્ટ સમજુતિસહ આ વેચાણ દસ્તાવેજ લખી આપેલ છે.

આ વેચાણ દસ્તાવેજનો સ્ટેમ્પ, નોંધણી ફી, લખાઇ ફી વિગેરેનો તમામ ખર્ચ તમો વેચાણ લેનારે ભોગવેલો છે.

સદર વેચાણ દસ્તાવેજ તમામ પક્ષકારોએ આપેલ માહિતી તથા પુરાવા આધારે તૈયાર કરવામાં આવેલ છે અને તે કાગળો જોડે મેળવણી કરી લીધેલ છે.

આ વેચાણ દસ્તાવેજ અમોએ અમારી રાજીખુશીથી, વાંચી, વંચાવી, સમજી, વિચારી, મનના સાવધપણામાં, વાકેફ થઇ, કોઇ પણ જાતની દાબ–દબાણ કે ધાકધમકી વગર, અમારી અક્કલ હોંશીયારીથી, શરીરની સાવધ અવસ્થામાં, બિનકેફ હાલતમાં લખી આપેલ છે જે અમોને તથા અમારા વંશ, વાલી, વારસો તમામને કબુલ, મંજુર અને બંધનકારક છે અને રહેશે. જે બદલ અમારી સહી સાક્ષી રૂબરૂમાં કરી આપેલ છે.

આ વેચાણ દસ્તાવેજ અમોએ અમારી રાજીખુશીથી, વાંચી, વંચાવી, સમજી, વિચારી, મનના સાવધપણામાં, વાકેફ થઇ, કોઇ પણ જાતની દાબ–દબાણ કે ધાકધમકી વગર, અમારી અક્કલ હોંશીયારીથી, શરીરની સાવધ અવસ્થામાં, બિનકેફ હાલતમાં લખી આપેલ છે જે અમોને તથા અમારા વંશ, વાલી, વારસો, એટર્ની તમામને કબુલ, મંજુર અને બંધનકારક છે અને રહેશે.

Scanned by CamScanner

જે બદલ અમારી સહી સાક્ષી રૂબરૂમાં કરી આપેલ છે.

સહી

**સાક્ષી**

**લખી આપનાર : બીજાપક્ષવાળા**

૧ ..........................

૨ ..........................

-----------------

નરેશભાઇ ભીખાભાઇ પટેલ

----------------

દેવીકાબેન તે ભીખાભાઇ મોતીભાઇ
પટેલની દીકરી અને મફતભાઇ છગનલાલ
ગાંધીની પત્ની, ના કુ.મુ.
નરેશભાઇ ભીખાભાઇ પટેલ

**સંમતિ આપનાર : કન્ફરમીંગ પાર્ટી**
**ડેવલોપર્સ : ત્રીજાપક્ષવાળા :**
શ્રી હરી ડેવલોપર્સ ભાગીદારી પેઢીના
વહીવટકર્તા ભાગીદાર..

---------------

હિતેષ ચંદ્રવદન પરીખ

Scanned by CamScanner